# પૂર્વ મુખ્યમંત્રી કેશુભાઈ પટેલ કોરોનાથી સંક્રમિત

**કેશુભાઈ તેમના ઘરે જ સારવાર લઈ રહ્યા છે : કેટલાક દિવસોથી કેશુભાઈ પટેલની તબિયત નાદુરસ્ત હતી, તેમણે ટેસ્ટ કરાવાતાં રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે**



ગાંધીનગર,તા.૧૮

ગુજરાત ભાજપના ભીષ્મ પિતામહ, પૂર્વ મુખ્યમંત્રી કેશુભાઈ પટેલ કોરોના સંક્રમિત થયા છે. તેમની સાથે તેમના પર્સનલ આસિસ્ટન્ટનો કોરોના રિપોર્ટ પણ પોઝિટિવ આવ્યો છે. હાલ કેશુભાઈ પટેલ ગાંધીનગર ખાતે તેમના ઘરે જ સારવાર લઈ રહ્યા છે. સૂત્રો મુજબ, કેટલાક દિવસથી કેશુબાપાની તબિયત નાદુરસ્ત હતી. તેમનો ટેસ્ટ કરાવાતાં રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. કેશુભાઈ પટેલને કોરોના હોવાની વાત સામે આવ્યા બાદ મુખ્યમંત્રી વિજય રૂપાણીએ તેમના પુત્ર સાથે ટેલિફોનીક વાત કરી અને કેશુભાઈના ખબર અંતર પુછ્યા હતા.

# આજે રેલવે સ્ટેશન પાસેના દબાણો દુર કરાશે

**અન્ડર પાસ માટે નડતરરૂપ ૫૦૦ દબાણો પર બુલડોઝર ફરી વળશે : પોલીસ બન્દોબસ્ત સાથે દબાણો દુર કરાશે : કલેકટર, કોર્પોરેશન અને માર્ગ મકાન વિભાગની ટીમ તૈનાત રહેશે**

ગાંધીનગર ત ૧૮

મહાત્મા મંદિર વિસ્તારમાં નિર્માણ કરાયેલા રેલવે અન્ડરપાસના પ્રોજેકટના આડે દબાણોનુ ગ્રહણ લાગેલુ છે. જેના લીધે અન્ડરપાસની કામગીરી પણ એક વર્ષથી બંધ છે. જેના અંતે આજે તંત્ર દ્વારા રેલવે સ્ટેશન પાછળના વિસ્તારમાંથી ૫૦૦ જેટલા કાચા પાકા દબાણો દુર કરવા માટે મહા અભિયાન હાથ ધરાશે. સવારે પોલીસ બન્દોબસ્ત વચ્ચે તંત્રની ટીમ દબાણો દુર કરવા બુલડોઝર ફેરવશે.

સ્માર્ટ સીટી બનવા તરફ આગળ વધતા ગાંધીનગરના સેકટરોમાં દબાણોની ભરમાર છે. જયારે શહેરી વિસ્તારના ગામો પણ દબાણોની ગિરફતમાં છે. દબાણોના લીધે અન્ય આનસંગિક પ્રશ્નો પણ વિકાસના અનેકવિધ પ્રોજેકટો સહીત જનજીવન માટે પણ નડતરરૂપ બન્યા છે. સેકટરોમાં પણ દાયકાઓના અંતે દબાણની સમસ્યા હજુ જટીલ મોડમાં જ છે. શહેરના શોપિંગ બજારો તેમજ રહેણાંક વિસ્તારમાં પણ દબાણોએ અજગર ભરડો લીધો છે. સેકટરોમાં ફાળવવામાં આવેલા પ્લોટ જેટલા જ ફેન્સીંગ કરીને નાગરિકોએ મોટામસ દબાણો કરી દીધા છે. ત્યારે વિકાસના આડે આવતા દબાણો હવે તંત્રના ટાર્ગેટ બની રહ્યા છે. મહાત્મા મંદિર તેમજ અદ્યતન હોટલને અનુલક્ષી આ વિસ્તારમાં છેલ્લા બે વર્ષથી અન્ડર પાસ બનાવાની કામગીરી ચાલી રહી છે. પરંતુ છેલ્લા એક વર્ષથી આ પ્રોજેકટનુ કામ બંધ છે. દબાણો આડે આવતા અન્ડર પાસનુ થોડુ કામ બાકી છે. રેલવે સ્ટેશન પાછળના વિસ્તારમાં દબાણોની ભરમાર છે. ગોકુલપુરાના વિસ્તારમાં દબાણો દુર કરવા માટે

● અનુસંધાન પાન-૭ પર

## રેલવે અન્ડર પાસનુ બાકી કામ પણ દબાણો દુર થયા બાદ હાથ ધરાશે

**દબાણોના લીધે બ્રિજના એક છેડાનુ કામ છેલ્લા એક વર્ષથી કામ બંધ : પ્રોજેક્ટ તૈયાર કરવામાં પણ એક વર્ષનો વિલંબ**

ગાંધીનગર તા ૧૮

મહાત્મા મંદિર વિસ્તારમાં અન્ડર પાસના પ્રાજેકટનુ કામ છેલ્લા એક વર્ષથી અટવાયેલુ છે. તૈયાર કરાયેલા બ્રિજના એક છેડે દબાણોની ભરમાર હોવાથી લાંબા સમયથી આ કામગીરી બંધ હતી. ખ થી ક માર્ગને જોડતા આ અન્ડરપાસનુ કામ હાલ બંધ છે. બે વર્ષ અગાઉ આ અન્ડરપાસનુ કામ હાથ ધરાયુ હતુ પરંતુ દબાણોના લીધે છેલ્લા એક વર્ષથી આ કામ બંધ છે. જયારે હવે દબાણો દુર કરવાનો નિર્ણય લેવાતા ટુંકમાં આ બાકીનુ કામ પણ પુર્ણ કરાશે.

શહેરના મહાત્મા મંદિરને અનુલક્ષી નિર્માણ કરાયેલા રેલવે અન્ડરપાસનુ કામ છેલ્લા સવા વર્ષથી બંધ છે. બ્રિજના એક છેડે દબાણોની ભરમાર હોવાથી આ કામગીરી આગળ વધી શકી નથી આ બ્રિજના નિર્માણનુ કામ બે વર્ષ અગાઉ હાથ ધરવામાં આવ્યુ હતુ જયારે બ્રિજ નિર્માણની મોટાભાગની કામગીરી પુર્ણ કરી દેવામાં આવી છે. આ અન્ડર પાસના આધારે મહાત્મા મંદિરથી નવ નિર્મિત હોટલ તેમજ વાવોલને સીધુ જોડાણ મળશે. આ બ્રિજ નિર્માણની કામગીરી પાછળ અંદાજિત રૂ ૩૩ કરોડનો ખર્ચ કરવામાં આવ્યો છે. જયારે અન્ડરપાસના નિર્માણની માત્ર એક છેડાની કામગીરી જ બાકી હતી પરંતુ છેલ્લા એક વર્ષથી દબાણની સમસ્યા અન્ડરપાસના પ્રોજેકટમાં આડશ

● અનુસંધાન પાન-૭ પર

# ૬ દવાખાના-હોસ્પિટલોમાં ભારે બ્રિડીંગ મચ્છરના મળતાં તંત્રએ નોટીસ બજાવી





ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર જિલ્લામાં મેલેરિયાતંત્રની ટીમો આજે દવાખાના, હોસ્પિટલો તેમજ કન્સલ્ટીંગ રૂમો પર ત્રાટકી હતી. તંત્રની ટીમોએ ૬ દવાખાના અને હોસ્પિટલના સત્તાવાળાઓને ભારે બ્રિડીંગ મળી આવતાં નોટીસ ફટકારી છે.

જિલ્લાની ટીમો દ્વારા તમામ પ્રા.આ. કેન્દ્રો, સામુહિક આરોગ્ય કેન્દ્રો, અર્બન હેલ્થ સેન્ટરો, અર્બન હેલ્થના સબ સેન્ટરો, ડિસ્પેન્સરી, સરકારી તથા ખાનગી દવાખાના, હોસ્પિટલ, ડિસ્ટ્રીક્ટ સબ હોસ્પિટલ, આયુર્વેદ હોસ્પિટલ, સાર્વજનિક હોસ્પિટલ સહિત ૪૫૪ સ્થાનો પર સઘન તપાસ કરી હતી જેમાં ૨૫૩૫ જેટલા સંભવિત મચ્છર ઉત્પત્તિ સ્થાનોની ચકાસણી દરમ્યાન ૧૮૨ સ્થાનો પરથી મચ્છરના પોરા મળી આવ્યા હતા.

૬ દવાખાના અનો હોસ્પિટલમાંથી ભારે બ્રિડીંગ મચ્છરોનું મળતાં તેમના સત્તાવાળાઓને આ અંગે તંત્ર દ્વારા નોટીસ આપવામાં આવી છે.

ગાંધીનગર તાલુકાના ૧૮૭ દવાખાના હોસ્પિટલમાં ૧૦૪૪ જેટલા સંભવિત મચ્છર ઉત્પત્તિ સ્થાનોની તપાસ કરાઈ હતી જેમાં ૧૫૫ સ્થાનોએથી મચ્છરોના પોરા મળી આવ્યા હતા. ૧ દવાખાના-હોસ્પિટલમાંથી ભારે બ્રિડીંગ મળતાં તંત્રની ટીમ દ્વારા નોટીસ આપવામાં આવી છે.

દહેગામ તાલુકામાં ૭૧ દવાખાના, હોસ્પિટલોમાં ૨૯૫ જેટલા સંભવિત મચ્છર ઉત્પત્તિ સ્થાનોની ચકાસણી તંત્રની ટીમો દ્વારા કરવામાં આવી હતી. જેમાં બે જગ્યાએ મચ્છરોના પોરા મળ્યા હતા.

કલોલ તાલુકાના ૧૦૬ દવાખાના-હોસ્પિટલોમાં ૬૫૪ જેટલા સંભવિત મચ્છર ઉત્પત્તિ

● અનુસંધાન પાન-૭ પર

## તાલુકા પંચાયતમાં કોંગ્રેસના વિજેતાઓ સોમવારે ચાર્જ સંભાળશે

**સોમવારે વિજય મુહૂર્તમાં ચાર્જ જિલ્લા આગેવાનોની હાજરીમાં સંભાળશે**

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર તાલુકા પંચાયતના હોદ્દેદારો તરીકે ચૂંટાઈ આવેલા કોંગ્રેસના ગોપાલજી ઠાકોર તથા સુરેશભાઈ પટેલ ૨૧મીએ તેમના નવા હોદ્દાનો ચાર્જ વિધિવત્ રીતે કોંગ્રેસના આગેવાનોની વિશેષ ઉપસ્થિતિમાં સંભાળશે.

ગાંધીનગર તાલુકા પંચાયત પર કોંગ્રેસે કબ્જો મેળવ્યો છે. હવે તેના હોદ્દેદારો ૨૧મીએ વિધિવત્ રીતે ચાર્જ સંભાળવવાના હોઈ તે માટે કાર્યકરોને ખાસ સૂચનાઓ પણ પક્ષ દ્વારા આપવામાં આવી છે. દરેક કાર્યકરે માસ્ક ફરજીયાત પહેરવાનો રહેશે તેમજ સોશિયલ ડિસ્ટન્સીંગ પણ જાળવવાનું રહેશે.

આ પ્રસંગે ગાંધીનગર ઉત્તરના ધારાસભ્ય ડૉ. સી.જે. ચાવડા, કલોલના ધારાસભ્ય બળદેવજી ઠાકોર, માણસાના ધારાસભ્ય સુરેશભાઈ પટેલ, પૂર્વ ધારાસભ્ય કામિનીબા રાઠોડ, બાબુસિંહ ઠાકોર, પ્રદેશ મહામંત્રી હિમાંશુભાઈ પટેલ, પૂર્વ જિલ્લા પ્રમુખ જશુભા રાણા, જિલ્લા સંગઠનના પ્રમુખ સૂર્યસિંહ ડાભી, જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રીમતિ મંગુબેન પટેલ સહિતના કોંગી આગેવાનો હાજર રહેશે.

વિજય મુહૂર્તમાં આ નવા વરાયેલા પ્રમુખ અને ઉપપ્રમુખ તેમના હોદ્દાનો ચાર્જ સંભાળશે.

# જિલ્લા સંકલન સમિતિની આજે વર્ચ્યુઅલ બેઠક મળશે

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર જિલ્લાની ફરિયાદ નિવારણ અને સંકલન સમિતિની પ્રથમવાર વર્ચ્યુઅલ બેઠક મળશે. જિલ્લામાં આ પહેલા જિલ્લા આયોજન મંડળની વર્ચ્યુઅલ બેઠક યોજાઈ હતી.

જિલ્લા ફરિયાદ નિવારણ અને સંકલન સમિતિની બેઠક સવારે ૧૧ વાગે શરૂ થશે. આ માટે અધિકારીઓ અને પદાધિકારીઓ ઓનલાઈન જોડાશે જેમાં ધારાસભ્યો દ્વારા રજુ થયેલા તેમના પ્રશ્નો અંગે ચર્ચા વિચારણા કરવામાં આવશે.

દર માસના ત્રીજો શનિવાર એ જિલ્લાતંત્ર માટે બેઠકોનો દિવસ હોય છે. આ દિવસે પુરવઠા સલાહકાર, કાયદો-વ્યવસ્થા, જિલ્લા ફરિયાદ નિવારણ અને સંકલન સહિતની મહત્વની બેઠકો મળશે. આજે આ વર્ચ્યુઅલ બેઠકમાં કેવી રીતે જોડાશો તે અંગે અધિકારીઓ અને પદાધિકારીઓને માર્ગદર્શન આપતો પત્ર પણ જિલ્લા કલેક્ટર દ્વારા પાઠવવામાં આવ્યો છે.

ત્રણ મહિનાના લાંબા સમય પછી આ બેઠક મળશે. એપ્રિલમાં વિધાનસભાનું સત્ર સમાપ્ત થયુ ત્યારે મળી હતી આ પછી સંક્રમણ વધતાં બેઠકો મુલ્તવી રાખવામાં આવી હતી હવે પુનઃ વર્ચ્યુઅલ બેઠક મળશે જેમાં પ્રશ્નો અને રજુઆતોને લઈ ચર્ચાઓ થશે.

જિલ્લામાં કોરોનાનું સંક્રમણ વધી રહ્યુ છે ત્યારે વર્ચ્યુઅલ બેઠકનો વિકલ્પ તંત્રએ સ્વીકાર્યો છે. આ અગાઉ જિલ્લા આયોજન મંડળની બેઠક વર્ચ્યુઅલ થઈ હતી. તાજેતરમાં કેન્દ્ર સરકારે પણ જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીઓને દિશાની બેઠકો વર્ચ્યુઅલ યોજવા જણાવ્યુ છે. જોકે જિલ્લામાં ફરિયાદ નિવારણ અને સંકલનની જિલ્લાકક્ષાની બેઠક પ્રથમવાર વર્ચ્યુઅલ યોજાઈ રહી છે.





ગળોનું વાવેતર - કોરોના અને કેન્સર માટે ખૂબ જ અસરકારક ઔષધી ગણાતી ગળોનું વાવેતર ગાંધીનગરના જ-માર્ગ પર વ્યાપક પ્રમાણમાં આરંભાયું છે... વન વિભાગ અને આયુર્વેદિક વિભાગના સંકલનથી ગળોના વેલાના વાવેતરનું કામ પૂર જોશમાં ચાલી રહ્યું છે...

# ગ્રામીણ વિસ્તારમાં ૨૩ કેસ નોંધાયા

**સારવાર દરમ્યાન વધુ ૧ દર્દીનું મોત : આજે નોંધાયેલા કેસોમાં ગાંધીનગરમાં ૯, દહેગામમાં ૬, માણસામાં ૧ અને કલોલમાં ૭ કેસ**

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે કોરોનાના નવા ૨૩ કેસ નોંધાયા છે. જિલ્લાના ગ્રામીણ વિસ્તારમાં વધતા જતા સંક્રમણના કેસોને લઈ તંત્રની ચિંતા વધી રહી છે જે રીતે કેસો મળી રહ્યા છે તે જોતાં ગ્રામીણ વિસ્તારમાં પણ કોરોના તેના ત્રીજા તબક્કામાં પ્રવેશવાના સંકેતો આપી રહ્યો હોવાનું મનાઈ રહ્યું છે.

આજે પણ ગાંધીનગર તાલુકાના એક દર્દીનું સારવાર દરમ્યાન મોત નીપજ્યુ છે.

● અનુસંધાન પાન-૭ પર

## શંકાસ્પદ કોરોનાના દર્દીનું અવસાન થતાં સિવિલમાં હોબાળો

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં કોરોનાના એક શંકાસ્પદ દર્દીના મૃત્યુ અંગે હોબાળો મચી જતાં સિવિલ સત્તાવાળાઓએ આ અંગે તપાસના હુકમો કર્યા છે.

મળતી વિગતો પ્રમાણે એક દર્દીનો એન્ટીજન ટેસ્ટ નેગેટીવ આવ્યો હતો આમ છતાં તેને શ્વાસની તકલીફ હોવાથી તેને સારવાર માટે સસ્પેક્ટ વૉર્ડમાં દાખલ કરવામાં આવેલ જ્યાં તેનું સારવાર દરમિયાન મોત થયું છે.

## જિલ્લા પંચાયતમાં સેનીટાઈઝેશન માટે આખરે મશીનો મુકાયા

ગાંધીનગર જિલ્લા પંચાયતની કચેરીમાં આજે સેનીટાઈઝેશન માટેના ખાસ પાંચ જેટલા મશીન લગાવવામાં આવ્યા છે.

જિલ્લામાં કોરોનાનું સંક્રમણ જે રીતે વધી રહ્યુ હોવાથી તંત્રએ હવે તકેદારીના પગલાં રૂપે આ મશીન લગાવ્યા છે. પંચાયતોની સામાન્ય ચૂંટણીઓ આવી રહી હોવાથી મુલાકાતીઓની સંખ્યા પણ વધી રહી છે. જિલ્લા પંચાયતના ભોંયતળિયે એક, પ્રથમ માળે બે સ્થાનોએ તેમજ બીજા અને ત્રીજા માળે એક-એક મશીન લગાવવામાં આવ્યા છે. જિલ્લા પંચાયતના આરોગ્ય શાખા સહિત અન્ય શાખાના કર્મયોગીઓ પણ કોરોનાની ઝપટમાં આવ્યા હતા પરંતુ હવે પરિસ્થિતિ જે રીતે વણસી રહી છે તે ધ્યાને લઈ તંત્રવાહકોએ આ પગલુ લીધુ છે. આ અગાઉ ગાંધીનગર મનપા તેમજ કલેક્ટર કચેરીમાં પણ આવા મશીનો લગાવવામાં આવ્યા છે. જિલ્લા પંચાયતમાં હાલ ૧૨ વાગ્યા સુધી આવતા મુલાકાતીઓનું રજીસ્ટર નિભાવવામાં આવે છે એટલુ જ નહિ તેમનું ટેમ્પરેચર પણ માપવામાં આવે છે અને તેની નોંધ કરાય છે.

# સે. ૩માં એક જ દિવસમાં ૬ કેસ નોંધાયા

**આજે સે. ૩ માંથી ૬, સે. ૨૯ માંથી ૨, સે. ૨૨ માંથી ૨, સે. ૪ માંથી ૨, સે. ૨ માંથી બે કેસ ઉપરાંત સે. ૫, સે. ૨૧, સે. ૨૪ અને સે. ૨૨ માંથી કેસો મળી આવ્યા**

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર શહેરમાં આજે કોરોનાના સે. ૩ માંથી એક જ દિવસમાં ૬ કેસ નોંધાતા તંત્ર ચોંકી ઉઠ્યુ છે. તંત્રમાં આજે ૧૭ નવા કેસ નોંધાયા છે. આ સાથે શહેરમાં નોંધાયેલા કેસોની સંખ્યા ૧૧૦૦ની નજીક પહોંચી ગઈ છે.

કોરોના શહેરમાં બેકાબુ બની રહ્યો છે અને જે રીતે કેસોની સંખ્યા વધી રહી છે તેથી તંત્ર પણ સતત દોડધામમાં અટવાઈ જવા પામ્યુ છે.

આજે સે. ૩ માંથી ૬, સે. ૨૯ માંથી ૨, સે. ૨૨ માંથી ૨, સે. ૪ માંથી ૨, સે. ૨ માંથી બે કેસ ઉપરાંત સે. ૫, સે. ૨૧, સે. ૨૪ અને સે. ૨૨ માંથી કેસો મળી આવ્યા છે.

શહેરમાં જે રીતે કેસોની સંખ્યા વધી રહી છે તેથી શહેરી વિસ્તારમાં કોરોના તેના ત્રીજા તબક્કામાં પ્રવેશ્યો હોવાનું હવે ધીમે ધીમે સ્પષ્ટ થઈ રહ્યુ છે. જો કે તંત્ર હજુ આ સ્થિતિ અંગેનો સત્તાવાર સ્પષ્ટ ઈન્કાર કરી રહ્યું છે.

આજે નોંધાયેલા કેસોમાં ગુજરાતની વડી અદાલતના વકીલ, વર્ગ-૨ ના અધિકારી, નાયબ સચિવ, માણસા કોલેજના આચાર્ય, ડ્રાયવર અને પોલીસ ભવનનો કર્મયોગી કોરોનાની ઝપટમાં આવ્યા છે.

મળતી વિગતો પ્રમાણે સે. ૫ માંથી એક ૯૦ વર્ષીય વૃદ્ધાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. જેમને સારવાર માટે ગાંધીનગર સિવિલમાં દાખલ કરાયા છે.

સે. ૨૧માં રહેતા અને ગુજરાત હાઈકોર્ટમાં એડવોકેટ તરીકે પ્રેક્ટીસ કરતા ૭૨ વર્ષીય એડવોકેટનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેમણે હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

સે. ૨૨ માંથી ૬૬ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવતાં તેમણે પણ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે આ ઉપરાંત પોલીસભવનમાં ફરજો બજાવતા ૫૫ વર્ષીય કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ આવતાં તેમને સારવાર માટે સિવિલમાં દાખલ કરાયા છે. સે. ૨૪ માંથી પણ ૬૦ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે અને તેમને હોમ આઈસોલેશન સ્વીકાર્યુ છે.

સે. ૩ માંથી આજે ૬ કેસ મળી આવ્યા છે. જેમાં એક ૫૦ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. સચિવાલયમાં વર્ગ-૨ ના અધિકારી તરીકે ફરજો બજાવતા ૪૯ વર્ષીય પુરૂષનો રિપોર્ટ

● અનુસંધાન પાન-૭ પર


**શ્રીરંગ પાર્ક કો.ઓ. હાઉસીંગ સર્વિસ સોસાયટી લિ.**

વાસણા હડમતિયા, ખ-૦ નજીક, ગાંધીનગર-૩૮૨૦૦૬

આથી સોસાયટીના સર્વે સભાસદો અને પ્લોટ ધારકોને જણાવવામાં આવે છે કે, સોસાયટીની વર્ષ ૨૦૧૯-૨૦ની વાર્ષિક સાધારણ સભા તા. ૨૭/૯/૨૦૨૦ને રવિવારના રોજ સવારે ૯-૩૦ કલાકે સોસાયટીની ઓફિસ ખાતે વાર્ષિક અહેવાલમાં જણાવેલ કામકાજ કરવા માટે રાખવામાં આવેલ છે. તો દરેક સભાસદે સમયસર હાજર રહેવા વિનંતી.

**નોંધ : કોવિડ-૧૯ અન્વયે દરેક સભ્યએ જરૂરી અંતર જાળવવું તથા માસ્ક પહેરીને આવવું. કોરોનાના કારણે ભોજન સમારંભ રાખેલ નથી.**

સુરેશભાઈ પટેલ, પ્રમુખ, મો. ૯૯૭૪૧ ૩૩૩૯૯

રાજેન્દ્રસિંહ વિહોલ, મંત્રી, મો. ૯૪૨૮૭ ૫૭૦૯૪



**પાંચમી વાર્ષિક શ્રદ્ધાંજલિ**



રડી પડે છે આંખ અમારી જોઈ તસવીર તમારી,
દરેક પ્રસંગે ખટકશે અમને ખોટ તમારી.
જીવન એવું જીવી ગયા કે મૃત્યુ શરમાઈ ગયું,
સુખને છલકાવ્યું નહિ, દુ:ખને દેખાડ્યુ નહિ.
હસતો ચહેરો રાખી ઓચિંતી વિદાય લીધી.
સૌના હૃદયના સંભારણા દિલમાં રાખી ગયા.

આંખો હજી નિહાળે છે તમને,
અંતર હજી પોકારે છે તમને.
સ્મરણ થાય છે ત્યારે
મન મૂકીને રડાવે છે અમને

મર્હુમ અહેમદખાન નુરમહંમદખાન નાગોરી
રિટાયર્ડ એડીશનલ કલેક્ટર, ગુજરાત રાજ્ય.
સ્વર્ગવાસ તા. ૧૯/૯/૨૦૧૫

અલ્લાહ આપને જન્નત અતા
ફરમાવે તેવી પ્રાર્થના અમારી

મો. ૯૮૨૮૫ ૯૫૮૨૨, ૯૮૨૫૦ ૫૭૬૯૦

**સમસ્ત નાગોરી પરિવાર**



**કેપિટલ ઓફસેટ®**

AN ISO 9001:2015 Certified Company

મલ્ટીકલર (ફોરકલર) જોબ પ્રિન્ટીંગ ૧૦૦૦ નકલ 20"X30", 18"x23"ની સાઈઝમાં માત્ર રૂા. ૨૦૦૦/-

સીંગલ કલર જોબ પ્રિન્ટીંગ ૧૦૦૦ નકલ 23"X36", 20"x30", 18"x23"ની સાઈઝમાં માત્ર રૂા. ૫૦૦/-

ગાંધીનગરમાં ૨૪ કલાક ચાલુ રહેતો એકમાત્ર પ્રિન્ટીંગ પ્રેસ

અરજન્ટ પ્રિન્ટીંગ કરી આપવામાં આવશે.

પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર.

મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮

E-mail : capitaloffsetgujarat@gmail.com


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com